
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૨ ટકા



નૂતન વર્ષને આવકારવા માટે કોઈ પોતાના આંગણે દિવડાં પ્રગટાવે છે, સાથીયાં પુરાવે છે તો કોઈ રંગોળી ચિતરે છે. ગાંધીનગરના મનોચિકિત્સક ડૉ. ગૌરાંગ થાનકીની દિકરી કાવ્યા થાનકીએ પોતાના ઘરના આંગણે રાધા-કૃષ્ણની બનાવેલી અદ્‌ભૂત રંગોળી જોઈને આંગણે પધારેલા સૌ કોઈ વાહ વાહ પોકારી ગયા હતા.



નૂતન વર્ષ નિમિત્તે કુ. વિક્ષા ભટ્ટે (ધો. ૯) સુંદર રંગોળી દોરી હતી. રંગોળી વગર દિવાળી અધુરી લાગે છે. રંગોળીને એક શુભ સંકેત માનવામાં આવે છે. જેમાં બાળકોથી લઈ વડીલોએ અવનવી રંગોળી બનાવીને દિવાળી પર્વ ઉજવ્યુ હતું.



વિક્રમ સંવતના નૂતન વર્ષનો હર્ષોલ્લાસ સાથે શુભારંભ થયો છે. દિવાળીના તહેવારની રજાઓ પછી સોમવારથી શરૂ થયેલી બેંકોમાં આમ તો ગ્રાહકોની હાજરી પાંખી રહી હતી તેમ છતાં કેટલીક બેંકની શાખાઓમાં ભારતીય સંસ્કૃતિ અનુસાર નૂતન વર્ષે ગ્રાહકોને પોંખવાની વિધિ કરાઈ હતી. સેક્ટર-૭ માં બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના શાખા મેનેજર પ્રદિપભાઈ સોલંકી તથા તેમના સહકર્મચારીઓએ ઉમળકા સાથે ગ્રાહકોને આવકાર્યા હતા. આ પ્રસંગે બેંકની શાખાને પણ રંગોળી અને ફુલોથી સુશોભિત કરવામાં આવી હતી.

# શાકભાજીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો

ગાંધીનગર, તા. ૧૧

દિવાળી પર્વ બાદ શિયાળાના પ્રારંભ સાથે જ શાકભાજીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થયો છે. શિયાળાના પ્રારંભ સાથે શહેરના માર્કેટમાં અઢળક શાકભાજી ઠલવાઈ રહ્યા છે. આસપાસના ગામોમાંથી મબલક પ્રમાણમાં લીલાછમ્મ શાકભાજી શહેરના બજારોમાં ઠલવાઈ રહ્યા છે. શિયાળા દરમિયાન શાકભાજી સૌથી વધારે ખાવામાં આવે છે. શાકભાજીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થવાથી ગૃહિણીઓમાં ખુશી જોવા મળી રહી છે.

શિયાળો શરૂ થતા જ શાકના ભાવમાં ઘટાડો થયો છે જે ગૃહિણીઓ માટે સારા સમાચાર છે. હોલસેલ માર્કેટમાં શાકભાજીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે રીટેલ માર્કેટમાં પણ તેની અસર જોવા મળી છે. તહેવારોનો સમય પૂર્ણ થયો છે અને ઠંડીની શરૂઆત થતા શિયાળુ શાકભાજીની આવક વધી છએ ત્યારે ભાવમાં ઘટાડો નોંધાયો છે. અગાઉ શિયાળાની શરૂઆત તેમજ તહેવારોને કારણએ શાકમાર્કેટમાં ભાવ વધારે હતા. જેમાં હવે હોલસેલ ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થયો છે. ઠંડી વધતા હજી ઘટાડો થશે તેવું વેપારીઓનું




કહેવું છે. વિસ્તાર પ્રમાણે શાકભાજીના ભાવમાં તફાવત જોવા મળે છે. પરંતુ પહેલા કરતા શાકભાજી પ્રમાણમાં સસ્તી થઈ છે. શિયાળામાં શાકભાજીના ભાવ ઓછા થવાથી ગૃહિણીઓને પણ રાહત રહે છે. સપ્તાહ પહેલાં આ શાકભાજીના ભાવ દોઢસો ઉપરાંત હતો જેમાં આવક વધવાને કારણે ભાવમાં મોટો કડાકો બોલી ગયો છે. ભાવ તૂટી જવાને કારણએ શહેરના માર્કેટોમાં ટેમ્પો ખડકીને ખેડૂતો અને નાના વેપારીઓ જાતે જ રસ્તા ઉપર ઉભા રહીને શાકભાજી વેચી રહ્યા છે. શિયાળામાં રીંગણનું ભરથું સૌથી વધારે બનાવવામાં આવે છે. જેમાં અનેક લીલા શાકભાજીનો સમાવેશ કરવામાં આવે છે. આ શિયાળઆમાં શહેરીજનો મન ભરીને શિયાળુ શાકભાજીનો આનંદ માણી શકશે. શાકભાજીના ભાવ ઘટવાથી રેસ્ટોરન્ટ્સ અને હોટલોમાં પણ તેની અસર જોવા મળશે. દિવાળીના તહેવારોમાં મોટા ભાગના પરિવારો બહાર જમવાનું પસંદ કરતા હોવાથઈ દિવાળીના દિવસોમાં હોટલોમાં તેજી ચાલી રહી હતી. મોંઘવારી હોવા છતાં મોંઘા મોંઘા શાક હોટલોમાં ઓર્ડર કરાયા હતા. ગુજરાતીઓ ખાવાના શોખીન ગણાય છે તેથી તહેવારોમાં બહાર હોટલોમાં જઈને પરિવાર સાથે ભોજન માણી રહ્યા હતા. શિયાળામાં શાકભાજીના ભાવ તુટવાથી હોટલોમાં તહેવારો મુજબ જ ભીડ જામશે તેવું લાગી રહ્યું છે.


| શાકભાજી | ભાવ(કિલો) |
|---|---|
| ભટ્ટા રીંગણ | ૨૦ રૂ. |
| રવૈયા | ૩૦ રૂ. |
| કોળી | ૪૦ રૂ. |
| ભીંડા | ૬૦ રૂ. |
| બટાકા | ૨૪ થી ૩૦ રૂ. |
| મરચાં | ૫૦ રૂ. |
| કોથમીર | ૨૦ રૂ. જુડી |
| તુરીયા | ૫૦ રૂ. |
| લીલી ડુંગળી | ૬૦ રૂ. |
| ફ્લાવર | ૬૦ રૂ. |
| ગવાર | ૪૦ રૂ. |
| બીટ | ૫૦ રૂ. |
| મૂળા | ૪૦ રૂ. |
| લીંબુ | ૬૦ રૂ. |
| મેથીની ભાજી | ૧૦ રૂ. જુડી |
| તુવેર | ૫૦ રૂ. |

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'શબદ' દીપોત્સવી અંકનો વિમોચન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'શબદ' દીપોત્સવી અંકનો




વિમોચન કાર્યક્રમ આગામી તા. ૧૩મી નવેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ હાઈસ્કૂલ હોલ, સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એનો સતત બીજા વર્ષે દીપોત્સવી અંક 'શબદ' પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગર સાહિત્યસભા છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગર ખાતે સાહિત્યની પ્રવૃત્તિઓ ચલાવે છે. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો માટે સ્નેહમિલન સાથે બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્યસભાના દીપોત્સવી અંક 'શબદ' અને ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય અશ્વિન ત્રિવેદીના પુસ્તક 'કાયદા કાનૂન' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ યોજાયો છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા અને ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાના હસ્તે આ બન્ને પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે.

ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠક્કર તેમજ કારોબારી સભ્ય કવિ પ્રતાપસિંહ ડાભી અને રમણભાઈ વાઘેલા દ્વારા આ દીપોત્સવી અંકનું સંપાદન કાર્ય થયું છે જ્યારે મુખ્ય સંપાદક તરીકે કવિ કિશોર જિકાદરાએ સેવા આપી છે. કાર્યક્રમ સંચાલન આર.જે. નેહલ ગઢવી દ્વારા કરવામાં આવશે.

# યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ખાતે મુટ કોર્ટ યોજાઈ



આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મુટ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ઉવારસદ ખાતે યોજાઈ હતી. જે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદની સૂચના અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા મુટ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.એ. ત્રિવેદી (જજ), તેમજ આર.કે. મોઢ અને વિ.વિ. મોન્ઢે (પ્રોજેક્ટ ઓફિસર), વિ.એસ. ગઢવી (સચિવ) હાજર રહ્યા હતા. યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મુટ કોર્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં લગ્નવિષયકના કેસ અન્વયે દલીલો કરવામાં આવી હતી.

# સુઘડ કેનાલ પાસે પ્રેમી-પંખીડા લૂંટાયા

ગાંધીનગર, તા.૧૧

અડાલજ સુઘડ નર્મદા કેનાલ પાસે ગતરાત્રીના સમયે બેસી રહેલા યુવક-યુવતિને છરીની અણીએ ધમકાવી દાગીના, રોકડ, મોબાઈલ ફોન તેમજ બુલેટની લુંટ કરી ત્રણ શખ્સો નાસી ગયા હતા. ત્યારે નર્મદા કેનાલ વિસ્તારમાં બેસી રહેલા પ્રેમીયુગલને લુંટી લેતા સમગ્ર વિસ્તારના નાગરીકો ભયનો માહોલ જોવા મળ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત માસે અડાલજ નર્મદા કેનાલ પાસે બેસી રહેલા પ્રેમી પંખીડા હુમલો કરી લુંટ વીથ હત્યાની ઘટના સામે આવી હતી. આ બનાવને પગલે પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. પોલીસે વિપુલ ઉર્ફે નીલ વિષ્ણુભાઈ પરમાર, દિપક કલાજી ઠાકોર અને કિરણ ઉર્ફે ગેડ્યો આતાજી ઠાકોરની ધરપકડ કરી હતી. જયારે વિપુલ પરમાર સાઈકો હોવાનું સામે આવ્યું હતું. ત્યારે ગતરોજ સુઘડ નર્મદા કેનાલ પાસે બેસી રહેલા યુવક યુવતિને છરીની અણીએ લુંટ ચલાવી છે. સુત્રોના કહેવા મુજબ મોટેરા શ્યામ સેરેનીટી મકાન નં.-એ ૨૦૨ ખાતે રહેતો મુળ માણસાના વતની ફેનિલ અશ્વિન પટેલના પિતા સબ મર્સિબલ પાર્ટસનો વેપાર કરે છે. જયારે ફેનિલ ગાંધીનગર કડી કેમ્પસ સ્થિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં ટીવાયબીકોમમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ગતરોજ બુધવારના રોજ સાંજે સાંજના સમયે ફેનિલ તેના ભાઈ નિખિલનુ બુલેટ લઈને સુઘડ કેનાલથી ૧૦૦ મીટર અંદર જતા માર્ગ પર આવ્યો હતો. જયાં તેની સાથે તેની પ્રેમીકા પણ એકટીવા લઈને આવ્યા હતા. બંન્ને પ્રેમી પંખીડા પોતાના વાહનો ઉભા રાખીને વાતચીત કરી રહ્યા હતા. તે દરમિયાન સાંજના પોણા આઠ વાગ્યાના અરસામાં નજીકની ઝાડી વિસ્તારમાંથી ત્રણ લુંટારૂઓ તેમની પાસે આવ્યા હતા. તે કંઈ સમજે કે વિચારે તે પહેલા જ ફેનિલને લાફો મારીને જે કંઈ પણ હોય તે આપી દેવા માટે ધમકી આપી હતી. જયારે બીજા શખ્સે છરી કાઢીને જો કંઈ નહી આપે તો તારી પ્રેમીકાને મારી નાંખીશ આ સાંભળી પ્રેમી પંખીડા ડરી ગયા હતા.

# તિબેટીયન માર્કેટમાં આવી અવનવી વેરાયટીઓ

## પ્રતિ વર્ષની જેમ તિબેટથી રેફ્યુજીઓ છેક અહીં પોતાના પ્રખ્યાત ગરમ વસ્ત્રોના વેચાણ માટે આવે છે : ૨૦૦ રૂપિયાથી ૩૦૦૦ રૂપિયા સુધીના ગરમ કપડાઓની બોલબાલા








ગાંધીનગર, તા. ૧૧

પાટનગરમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. શહેરમાં ઠંડીની શરૂઆત થતાની સાથે જ ઠેર ઠેર ગરમ કપડાંના ઢગલા બજાર લાગી ગયા છે. ગરમ કપડાંઓ માટે વખણાતુ તિબેટી માર્કેટ ગાંધીનગરમાં લાગી ગયું છે. પ્રતિ વર્ષની જેમ તિબેટથી રેફ્યુજીઓ છેક અહીં પોતાના પ્રખ્યાત ગરમ વસ્ત્રોના વેચાણ માટે આવે છે. બે-ચાર મહિના તેઓ આ વ્યાપાર કરીને પોતાની સાલભરની કમાણી કરીને જાય છે.

શહેરમાં ઘ-૫ વિસ્તારમાં ગરમ કપડાનું બજાર તિબેટી માર્કેટ અઠવાડિયાથી ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ અવનવી વેરાયટીઓ છે. જેમાં ગરમ ટોપી, મફલર, ઉનના સ્વેટર, લેધર જેકેટ, શોલ, બ્લેંકેટ, હેન્ડ ગ્લોવ્ઝ જેવા અવનવા ગરમ કપડાંના સ્ટોલ લાગ્યાં છે. આ વર્ષે લેડીઝવેરમાં ઉનના લોન્ગ તથા સ્વીપ સ્વેટરનો ટ્રેન્ડ વધુ જોવા મળી રહ્યો છે. પુરૂષો લેધરના જેકેટ પર વધુ પસંદગી ઉતારી રહ્યાં છે. આ તિબેટી માર્કેટની બધા રાહ જોઈને બેઠા હોય છે. પરંતુ અત્યારે ઠંડી જામી નથી તેના કારણે માર્કેટમાં કોઈ ખાસ ખરીદીની ગરમી અત્યારે દેખાતી નથી.

શિયાળાની ઋતુની શરૂઆત થતાંની સાથે જ દર વર્ષે બિલાડીના ટોપની જેમ શહેરમાં ઠેર ઠેર ગરમ કપડાંના પાથરણા તથા સ્ટોલ ચાલુ થઈ જાય છે. પાટનગરમાં છેલ્લા કેટલાંક દિવસોથી સવાર-સાંજના સમયે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે શહેરમાં ઠેર ઠેર ગરમ કપડાંના સ્ટોલ ખુલી ગયાં છે. જે બે માસ સુધી તિબેટીયન રેફ્યુજી માર્કેટના ડેરાતંબુ રહેશે. આ બે મહિના વર્ષભરની કમાણી માટેનું મુખ્ય સ્ત્રોત રહે છે. અહીં વિવિધ ગરમ કપડાંના સ્ટોલમાં ટોપી, મફલર, ઉનના લેડીઝ-જેન્ટ્સ સ્વેટર, લેધર જેકેટ, જીન્સના જેકેટ, શાલ, હાથ મોજા, બ્લેન્કેટ જેવાં ગરમ વસ્ત્રો જોવા મળી રહ્યા છે. ગરમ કપડાંમાં પણ હવે ડિઝાઈનર વેર જોવા મળી રહ્યા છે. અવનવી ડિઝાઈનોની જમાવટ જોવા મળી રહી છે. જો કે મોંઘવારીની અસર આ તિબેટિયન માર્કેટમાં પણ જોવા મળી રહી છે. ટ્રાન્સપોર્ટના ભાડામાં વધારો થતાં ગરમ કપડાંના ભાવમાં વધારો નોંધાયો છે.

આ વર્ષે માર્કેટમાં રૂ. ૨૦૦ થી લઈ ૩૦૦૦ સુધીનો ભાવ જોવા મળી રહ્યો છે. જેન્ટ્સની નવી વેરાયટીમાં લેધરના અવનવા જેકેટ, જીન્સ-ઉનના મિક્સ બનાવટના જીન્સ જેકેટ જેવી નવી વેરાયટી જોવા મળી રહી છે. લેડીઝવેરમાં ઉનના લોન્ગ તથા સ્વીપ સ્વેટરની નવી વેરાયટી ઠલવાઈ છે. અવનવી ડીઝાઈનની કાશ્મીરી શોલ જોવા મળી રહી છે. તિબેટીયન બજારનો સમય રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો છે. જેમાં ૨૨ જેટલા ગરમ કપડાંના સ્ટોલ છે અને આશરે ૧૦૦ જેટલા વ્યક્તિઓ તિબેટીયન બજારમાં કાર્યરત છે. શહેરમાંથી ઘણા બધા નાગરિકો માત્ર તિબેટીયન નાગરિકોને જોવા માટે જ ત્યાં જતા જોવા મળે છે.

## જન્મદિને વધામણી




દિગીષા ગજ્જર




નિરાલી પટેલ



શાલીન મોર્યા
મો. ૯૯૭૪૮ ૯૧૩૭૧



ધૈર્ય ભાવેશભાઈ પટેલ



રયાન રાકેશકુમાર બારોટ
મો. ૯૫૧૨૬ ૦૦૯૨૭



સાહિલ કાપડીયા
મો. ૯૦૮૧૦ ૧૫૪૫૭



અનુષ ભાવિક શુક્લા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મલિક પિતાંબર, મનુ, ઉ.વ. ૨૫, ચંદ્રાલા
- સ્વ.અસાવાર નંદાબોન ઉદેસંગ, ઉ.વ.૬૩, સેકટર-૨૮
- સ્વ.ખાંટ ફતાજી ધનાજી, ઉ.વ.૬૦, બોરીજ
- સ્વ.પરમાર કાંતિભાઈ બીજલભાઈ, ઉ.વ. ૫૯, પેથાપુર છાપરાં
- સ્વ.પંચાલ કિશોરભાઈ ભગવત પ્રસાદ, ઉ.વ.૬૧, કોલવડા
- સ્વ.શાહ રેખાબોન વિનોદચંદ્ર, ઉ.વ.૭૨, સેકટર-૨૬
- સ્વ.જોગી મોહનલાલ વીસનજી, ઉ.વ.૮૯, સેકટર-૧